BAOU
Education for all

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)
"જ્યોતિર્મય" પરિસર
સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ – 382 481.
E-mail : baou.material@baou.edu.in Website : www.baou.edu.in

નં. બાઆંઓયુ/નિયા/2049/2018 તા.12/1/2018

વિદ્યાર્થી મિત્ર,

વિષય : પ્રથમ વર્ષની અભ્યાસ-સામગ્રી બાબત

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તરફથી આપને શુભેચ્છા.

આપ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમના પ્રથમ વર્ષના વિદ્યાર્થી છો. આ સંદર્ભે આપને જણાવવાનું કે, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાંથી આપની પ્રથમ વર્ષની અભ્યાસ-સામગ્રી પોસ્ટ/કુરિયર દ્વારા જાન્યુઆરી, 2018ના અંત સુધીમાં આપને મોકલવામાં આવશે, જેનું કોઈ પણ પ્રકારનું ચૂકવણું આપના તરફથી કરવાનું રહેશે નહીં. આ અભ્યાસ-સામગ્રીને સંલગ્ન આપના સ્વાધ્યાયકાર્ય 1 ફેબ્રુઆરી, 2018ના રોજ યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in ઉપર મુકવામાં આવશે. જે આપે ડાઉનલોડ કરી લખવાના રહેશે. આ સ્વાધ્યાયકાર્યો(Assignment) 30 ગુણના રહેશે, જે આપે 30 એપ્રિલ, 2018 સુધીમાં આપના અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવાના રહેશે.

આ પત્ર સાથે આપને આપના વિષયના અભ્યાસક્રમની વિગત(Syllabus) મોકલવામાં આવી રહી છે તથા યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in પર પણ મૂકવામાં આવ્યો છે, જે આપને વિદ્યાકાર્યમાં ઉપયોગી પૂરવાર થશે.

આપની પ્રથમ વર્ષની સત્રાંત પરીક્ષા વર્ષ 2018ના જુલાઈ મહિનામાં યોજવામાં આવશે. જે સત્રાંત પરીક્ષા નિયત સમયમાં આપના દ્વારા સ્વાધ્યાયકાર્ય જમા કરાવ્યા બાદ જ આપી શકાશે. આમ, આ તમામ વિગતોને ધ્યાને લઈ વર્ષ દરમ્યાન આપ શૈક્ષિણક કાર્ય કરશો તેની અપેક્ષા છે.

આભાર.

આપના વિશ્વાસુ,

કા. નિયામક
(વિદ્યાર્થી સહાય વિભાગ)